સી.સી.નં.૧૧૦/૨૦૨૬

**મે. ખેડાના એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મું.ખેડા.**

ક્રિ.કેસ નં.૧૧૦/૨૦૨૬
આંક:-

*ફરિયાદી* :- શ્રી સરકાર.

*વિરૂધ્ધ*

*આરોપી* :- **બ્રિજેશભાઈ કમલેશભાઈ ઠકકર,**
**ખેડા.તા.ખેડા.**

**ગુનો:- બી.એન.એસ.ની કલમ-૨૨૩ મુજબ**

**-// ઠરાવ //-**

આ કામના આરોપી વિરૂધ્ધ બી.એન.એસ.**ની કલમ-૨૨૩** મુજબ ના ગુનાનો આક્ષેપ છે. આ કામના આરોપીએ પોતાની માલિકીના ગોડાઉનમાં બહારના મજુરો રાખી પો.સ્ટે.માં જાણ કે નોંધણી નહી કરી જાહેરનામાનો ભંગ કરેલ છે. આ કામમાં **આંક.૩** થી આરોપીની પ્લી લેવામા આવેલ છે. આરોપીએ **આંક.૪** થી કબુલાત પુરશીશ આપી ગુનો સ્વેચ્છાએ કબુલ કરેલ છે.આરોપીએ રજુઆત કરેલ છે કે તેઓ ખુબજ ગરીબ અને મજુર વર્ગના માણસ છે. કુટુંબ માં એકલા કમાનાર છે તેમના કુટું બની નાના બાળકોની ભરણપોષણની જવાબદારી તેમના ઉપર છે અને તેમને જેલની સજા કરવામાં આવે તો તેમની પ્રતિષ્ટાને ગંભીર હાની થાય તેમ છે તેમજ કુમળી વયના બાળકોના માનસ ઉપર વિપરીત અસર થાય તેમ છે. આરોપી વધુમાં રજુઆત કરેલ છે કે હવે પછી આવો ગુન્હો કરશે નહિ તેવી ખાતરી આપે છે અને તેમ જણાવી દયા દાખવવા વિનંતી કરેલ છે અને ઓછો દંડ કરવા દલીલ કરેલ છે

આરોપીની રજુઆત અને સ્થિતી તેમજ ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ, હાથપરના કેસની હકીકતો , સંજોગો ધ્યાને લેતા તથા **નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોર,૨૦૦૫ જી.એલ.આર પાના નંબર ૭૦૯** ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેતાં આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચીત જણાય છે. જેથી આરોપીને સુધરવાની તક મળે અને કેસના સંજોગો ધ્યાન લઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ

કરવામાં આવે છે.

**–::હુકમ::–**

આ કામના આરોપીને **બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫** અન્વયે બી.એન.એસ.ની કલમ:–૨૨૩ ના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને આરોપીને **રૂ.૨૦૦૦/– (અંકે રૂપીયા બે હજાર પુરા)** નો દંડનો હુકમ કરવામાં આવે છે. આરોપી દંડ ન ભરે તો વધુ દિન–૩ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ લોક અદાલતમાં વાચી સંભળાવી જાહેર કર્યો

**<u>તા.૧૪/૦૩/૨૦૨૬</u>**
**<u>સ્થળ : ખેડા</u>**

**(નિખિલ ચંદ્રસેન જાધવ)**
**એડી. ચીફ. જ્યુડી મેજી.,**
**ખેડા**